For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# શાસકોના પાપે સુરતમાં શ્રાદ્ધમાં વિસર્જન

**દેશના** કોઇ શહેરમાં અનંત ચતુર્દશીના બીજા દિવસે રાત સુધી વિસર્જન ચાલતું નથી

**શાસકોએ** મોટી પ્રતિમાઓ નહીં સ્થપાઇ તે માટે કડક કાર્યવાહી કરવી પડે અથવા ઓવારા વધારવા પડે

સુરત : સુરતમાં ગણેશ વિસર્જનની પ્રક્રિયા 46 કલાક સુધી ચાલી હતી આ વાત ધાર્મિક રીતે જરા પણ યોગ્ય કહી શકાય તેમ નથી કારણ કે બીજા દિવસે શ્રાદ્ધ પક્ષ બેસી ગયા હતા. આ દિવસોમાં પિતૃ તર્પણ કે મોક્ષ સિવાયની અન્ય કોઇ પણ ધાર્મિક વિધિ વર્જીત છે એટલે શ્રાદ્ધમાં શ્રીજીનું વિસર્જન કરવું એ મહાપાપ હોવાનું કર્મકાંડી બ્રાહ્મણોનું કહેવું છે. આ જે પણ થયું છે તે શાસકોને કારણે થયું છે તેવું કહેવામાં કોઇ જ અતિશ્યોકતિ નથી. કારણ કે, 30-32 ફૂટની ઊંચી પ્રતિમાઓની સ્થાપના અટકાવવા કોઇ જ પગલાં શાસકોએ લીધા નથી. જ્યારે કોરોના હતો ત્યારે અને ત્યાર પછી બે થી ત્રણ વર્ષ સુધી નાની મૂર્તિઓની સ્થાપના થઇ હતી. પરંતુ હવે મોટી મોટી મૂર્તિઓ સ્થપાઇ

અનુસંધાન પાના ૯ પર

## આ કારણસર નાની અને માટીની મૂર્તિ સ્થાપવી જોઇએ

(1) માટીની મૂર્તિથી પ્રદૂષણ થતું નથી અને તે સરળતાથી નદીમાં પીગળી જાય છે એટલે ધાર્મિક લાગણી પણ જળવાઇ રહે છે.
(2) મૂર્તિ 17 ફૂટથી ઊંચી હોવાથી એક માત્ર હજીરા જ વિકલ્પ છે એટલે નાની મૂર્તિ સ્થાપવી જોઇએ
(3) જો મૂર્તિ નાની હોય તો કૃત્રિમ તળાવ ઉપરાંત હજીરા સિવાયના 32 ઓવારા વિકલ્પ તરીકે મળી શકે છે જેથી મૂર્તિ નાની લાવવી જોઇએ

## અનંત ચતુર્દશીએ વિસર્જન નહીં થઇ શકે તો શ્રાદ્ધ પછી નવરાત્રિમાં કરવું જોઇએ : કર્મકાંડી



મૂળ અયોધ્યાના પરંતુ સુરતમાં કર્મકાંડ કરતાં રમેશ પાંડેયે જણાવ્યુ હતું કે, ધાર્મિક ગ્રંથોમાં લખ્યું છે કે, શ્રાદ્ધ પક્ષમાં કોઇ પણ શુભ કાર્ય વર્જીત છે. શ્રાદ્ધ પક્ષમાં વિસર્જન કરવું જોઇએ નહીં. જો કોઇ કારણસર વિસર્જન નહીં થાય તો નવરાત્રિ સુધી રાહ જોવી જોઇએ અને ત્યાર પછી જ વિસર્જન કરવું જોઇએ જેથી પાપમાં પડી શકાય નહીં. તેમણે

અનુસંધાન પાના ૯ પર

## ભાઠામાં ઓવારો શરુ કરવા આજે રજૂઆત કરાશે



વર્ષો પહેલા સુરતના રાજમાર્ગ પરથી ગણેશ વિસર્જન યાત્રા પસાર થતી હતી અને તે સમયે હિન્દુ મિલન મંદિરના ગણપતિનું ટ્રેક્ટર સૌથી છેલ્લુ પસાર થતું હતું. હિન્દુ મિલન મંદિરના શ્રીજીની વિદાયની સાથે જ અનંત ચતુર્દશીની વિસર્જન યાત્રા પૂર્ણ થઇ જતી હતી. જો કે એક વર્ષ નાવડી ઓવારા પર વિસર્જન પ્રક્રિયા મળસ્કે ચાર વાગ્યા સુધી ચાલી હતી. તે સમયે ભારે હોબાળો થયો હતો અને હિન્દુ મિલન મંદિરે વિસર્જનનો સમય બદલી નાંખ્યો હતો. તે સમયે પૂર્ણેશ મોદીએ ખૂબ જ સુંદર વિચાર રજૂ કર્યો હતો. એક જ માર્ગ પરથી સુરતની તમામ ગણપતિની પ્રતિમા પસાર થતી હોવાથી આટલું મોડું થતું હોવાનું બહાર આવ્યું હતું. જેથી તેમણે જ શહેરના જુદા જુદા ઓવારા પર જે તે વિસ્તારની પ્રતિમાના વિસર્જનનો નિર્ણય લીધો હતો. તેમણે સ્થાપેલી સુરત શહેર ગણેશોત્સવ સમિતિને કારણે જ માટીની મૂર્તિ પણ શહેરમાં બનતી થઇ ગઇ હતી અને ચોકલેટ મારવાની કે ગુલાલ જેવી ચીજવસ્તુઓ વિસર્જનમાંથી દૂર થઇ ગઇ હતી. હાલ વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઇ મોદીએ જણાવ્યું હતું કે, મૂર્તિઓનું વહેલું વિસર્જન થઇ જાય તે માટે કમિશનરને વધુ એક ઓવારા માટે આજે રજૂઆત કરવાના છે તેમજ સામાજિક સંગઠનો અને સંસ્થાઓ વિસર્જન પ્રક્રિયામાં જોડાઇ તેવા પ્રયત્નો પણ કરવામાં આવશે. મગદલ્લાની સામેની તરફ એટલે કે ભાઠામાં વિસર્જન થાય તો આવતા વર્ષે રાહત થાય તેમ છે.

## સુરત પોલીસ કમિશનરેટમાં સમાંતર સત્તા

# ૨૫ કોન્સ્ટેબલોના 'સિન્ડિકેટ' સામે IPS લોબી લાચાર

**ગુજરાતના** ઇતિહાસમાં પહેલીવાર ૩૦૦ બુટલેગરોનું સંગઠિત એસોસિએશન બન્યું

**ડિંડોલીનો** 'લંગડો' બન્યો પ્રમુખ, વહિવટદારોએ સિસ્ટમ હેક કરી

સુરતઃ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની વાતો વચ્ચે આર્થિક પાટનગર સુરતમાંથી એક એવો વિસ્ફોટક ખુલાસો સામે આવ્યો છે, જેણે રાજ્યના ગૃહ વિભાગ અને પોલીસ પ્રશાસનના પાયા હચમચાવી દીધા છે. સુરત શહેર પોલીસ કમિશનરેટ હેઠળના વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવતા મુઠ્ઠીભર લેભાગુ અને માથાભારે કોન્સ્ટેબલ કક્ષાના 'કેશિયરો' (વહીવટદારો)એ સમગ્ર સિસ્ટમને જાણે 'હેક' કરી લીધી છે. ઉચ્ચ આઇપીએસ અધિકારીઓ માત્ર કાગળ પર સત્તા ભોગવતા હોવાનો ઘાટ સર્જાયો છે, જ્યારે ગ્રાઉન્ડ લેવલ પર કાયદો કોના પર લાગુ કરવો અને કોને

અનુસંધાન પાના ૯ પર

## યુટ્યુબર ગોવિંદ પર હુમલોઃ સિન્ડિકેટનો ખુલ્લો પડકાર

આ સમાંતર સિસ્ટમ કેટલી હદે બેફામ બની ચૂકી છે તેનો પુરાવો બે દિવસ અગાઉ ગોવિંદ નામના સ્થાનિક યુટ્યુબર પર થયેલા ઘાતક હુમલાથી સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગોવિંદ દ્વારા છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ડિંડોલી અને આસપાસના વિસ્તારોમાં ધમધમતા દારૂ-જુગારના અડ્ડાઓ તેમજ ખાખી વર્દીધારી કેશિયરોની ભ્રષ્ટ મિલીભગતનો પર્દાફાશ કરવામાં આવી રહ્યો હતો. આ અવાજને કાયમ માટે દબાવી દેવા માટે 'બુટલેગર એસોસિએશન'ના ઈશારે તેના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આ ઘટના દર્શાવે છે કે આ સિન્ડિકેટ સામે અવાજ ઉઠાવનાર કોઈપણ વ્યક્તિ પર ખુલ્લેઆમ હુમલો કરવાની હિંમત ગુનેગારો કરી રહ્યા છે, કારણ કે તેમની પાછળ ખાખીનું રક્ષણ કવચ ઊભું છે.

## માસિક અઢીથી ત્રણ હજાર કરોડનું બ્લેક માર્કેટ નેટવર્ક

સુરત શહેરમાં ગેરકાયદે દારૂ, વરલી મટકા અને જુગાર ક્લબોનું માસિક ટર્નઓવર અઢી હજારથી ત્રણ હજાર કરોડ રૂપિયા આસપાસ પહોંચી ચૂક્યું હોવાનો અંદાજ છે. આ વિશાળ નેટવર્કનું સંચાલન માત્ર ૧૫ થી ૨૦ જેટલા ભ્રષ્ટ કોન્સ્ટેબલોના હાથમાં કેન્દ્રિત થઈ ગયું છે. આ કેશિયરો પોતાના પોલીસ સ્ટેશનની કામગીરી બાજુ પર મૂકીને ડિંડોલી ખાતેના ચોક્કસ અડ્ડાઓ પર કલાકો સુધી બેઠકો યોજે છે. શહેરમાં કયા બુટલેગરનો માલ કયા રૂટ પરથી પસાર થશે, કઈ એજન્સીના દરોડા વખતે કોને અગાઉથી એલર્ટ કરવો, અને કયા કેસમાં માત્ર ડમી આરોપીઓ રજૂ કરીને ફાઈલ બંધ કરવી તે તમામ સ્ક્રિપ્ટ આ બેઠકોમાં તૈયાર થાય છે.સિસ્ટમનું રિમોટ કંટ્રોલઃ પોલીસ ધારે તો ગમે તે ગુનેગારને ગણતરીની મિનિટોમાં પકડી શકે છે અને ધારે તો નામચીન આરોપીને પણ છાવરી શકે છે. આ શક્તિનો દુરુપયોગ કરીને કેશિયરોએ આખી સિસ્ટમને પોતાની ધૂન પર નચાવવાનું શરૂ કર્યું છે.

## રાજકીય આકાઓનું કવચ, ઉચ્ચ અધિકારીઓ લાચાર

આ સિન્ડિકેટ એટલી તાકાતવર બની ગઈ છે કે કમિશનર કક્ષાના સિનિયર IPS અધિકારીઓની સત્તા પણ તેમની સામે વામણી સાબિત થઈ રહી છે. કેશિયરોએ ગેરકાયદે કમાણીમાંથી એક મોટો હિસ્સો વગદાર રાજકીય નેતાઓ સુધી પહોંચતો કરીને પોતાનું અભેદ્ય કવચ તૈયાર કરી લીધું છે. તેનો સૌથી મોટો પુરાવો આશરે છ મહિના પહેલાં જોવા મળ્યો હતો. તત્કાલીન પોલીસ કમિશનર દ્વારા ડિંડોલી પોલીસ સ્ટેશનના અત્યંત વિવાદાસ્પદ અને વહીવટમાં સંડોવાયેલા ચાર કોન્સ્ટેબલોની તાત્કાલિક બદલીના સત્તાવાર આદેશો જારી કરવામાં આવ્યા હતા. જોકે, બદલીના ઓર્ડર નીકળ્યાના ગણતરીના કલાકોમાં ગાંધીનગર અને સ્થાનિક રાજકીય આકાઓ સક્રિય થઈ ગયા હતા. પરિણામે, એક આઈપીએસ અધિકારીએ પોતાના જ હસ્તાક્ષરથી થયેલા બદલીના આદેશોનો અમલ અટકાવવો પડ્યો હતો. આ વહીવટી લકવો સાબિત કરે છે કે કાયદાકીય પ્રોટોકોલ કરતાં આ વહીવટદારોનું નેટવર્ક કેટલું વગદાર બની ગયું છે.

## બેનામી સંપત્તિ અને તપાસની તાતી જરૂરિયાત

જો રાજ્ય સરકાર અને એન્ટી કરપ્શન બ્યુરો (ACB) અથવા સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા સુરતના આ ૧૫ થી ૨૦ કેશિયરોની આવક અને મિલકતોની ગુપ્ત તપાસ હાથ ધરે, તો આંખો પહોળી થઈ જાય તેવા કૌભાંડો બહાર આવે તેમ છે. સામાન્ય કોન્સ્ટેબલના પગાર પર કામ કરતા આ વહીવટદારો પાસે સુરત શહેર, નવસારી અને આસપાસના વિસ્તારોમાં કરોડો રૂપિયાના વૈભવી બંગલા,

અનુસંધાન પાના ૯ પર





# સુરત પહોંચી સુરત-ઉદયપુર વંદે ભારતની રેક

**કોચિંગ** યાર્ડના પિટ-1માં ફાઇનલ તપાસ શરૂ, મેન્ટેનન્સના પડકાર વચ્ચે વૈકલ્પિક વ્યવસ્થા તૈયાર

સુરતઃ સુરતને પહેલી વંદે ભારત મળવાનો ઈંતજાર હવે પૂર્ણ થયો છે. સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ (ટ્રેન નં. 26903) ની રેક સુરત પહોંચી ગઈ છે. રેકને સુરત કોચિંગ યાર્ડના પિટ-1માં લઈ જવામાં આવી છે, જ્યાં તેની ફાઇનલ તપાસ અને જરૂરી ટેકનિકલ પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ 2 ઓક્ટોબરે સુરતથી આ ટ્રેનનું ઉદ્ઘાટન રન યોજાશે, જ્યારે 3 ઓક્ટોબરથી નિયમિત સેવા શરૂ કરવાની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે રેલવે બોર્ડે 31 ઓગસ્ટે 26903/04 સુરત-ઉદયપુર-સુરત વંદે ભારતને મંજૂરી આપી હતી. ત્યારબાદ પશ્ચિમ રેલવેના મિકેનિકલ વિભાગે સૂરતમાં મેન્ટેનન્સને લઈને કવર્ડ પિટ, રૂફ વર્કિંગ સુવિધા, 650 વોલ્ટ સપ્લાય, બોગી ડ્રોપ, વ્હીલ લેથ સહિત 11 મુદ્દાઓ પર વ્યવહારુ પડકારો રજૂ કર્યા હતા.

આ મુદ્દો પ્રકાશમાં આવ્યા બાદ પશ્ચિમ રેલવે મુખ્યાલયના નિર્દેશ પર સુરત કોચિંગ ડેપોમાં ફરીથી ફિઝિબિલિટી સરવે કરવામાં આવ્યો હતો. હવે વૈકલ્પિક મેન્ટેનન્સ વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે. પ્રસ્તાવિત વ્યવસ્થા હેઠળ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ દોડશે અને મંગળવારે સંચાલન બંધ રહેશે. મંગળવારે ઉદયપુરમાં વંદે ભારતનું સાપ્તાહિક ડિટેલ

અનુસંધાન પાના ૯ પર

# ડુમસના દરિયામાં ભરતીના મોજામાં બે યુવક તણાયા

**ઉધનાના** ચાર મિત્રો પૈકી બે દરિયામાં નાહાવા પડ્યા હતા, બે મિત્રો કપડાં-મોબાઇલ સાચવવા બહાર રહ્યા

**મોડી** સાંજ સુધી ફાયર બ્રિગેડની શોધખોળ છતાં બંનેનો પત્તો નહીં લાગ્યો



સુરતઃ રવિવારની રજાના દિવસે ડુમસના દરિયામાં નાહવા પડેલા બે મિત્ર ભરતીના પાણીમાં તણાઈ ગયા હતા. જ્યારે અન્ય બે મિત્રો કપડાં અને મોબાઈલ સાચવવા બહાર ઊભા હોવાથી તેમનો જીવ બચી ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ઉધના રોડ નં. 12, ઉમિયાનગર મંદિર ગલી નં. 12, ભાઠેના ખાતે રહેતા રિયાસ કુરેશી, ઈસ્માઈલ શેખ, સાહિલ આસિફ કુરેશી અને કરણસિંગ સોની ચારેય મિત્રો આજે સાંજે આશરે 4:30 વાગ્યે ડુમસ દરિયા ગણેશ મંદિરની પાછળના કિનારે પહોંચ્યા હતા. ચાર પૈકી રિયાસ કુરેશી અને ઈસ્માઈલ શેખ દરિયામાં નાહાવા પડ્યા હતા, જ્યારે સાહિલ કુરેશી અને કરણસિંગ સોની બંનેના કપડાં તથા મોબાઈલ લઈને બહાર ઊભા રહ્યા હતા.

દરમિયાન પૂનમની ભરતીના કારણે દરિયામાં મોજા અને પાણીનો પ્રવાહ ભારે હતો. સાથે જ પવનની રફતાર પણ વધુ હોવાથી દરિયામાં નાહાતા રિયાસ અને ઈસ્માઈલ જોતજોતામાં ઊંડા પાણી તરફ તણાવા લાગ્યા હતા. થોડી જ પળોમાં બંને દરિયામાં ડૂબી ગયા હતા. આ દ્રશ્ય જોઈ બહાર

અનુસંધાન પાના ૯ પર

## શોધવા પડેલા કોસ્ટ ગાર્ડ અને સ્થાનિક યુવક ભારે કરંટ વચ્ચે માંડ માંડ બહાર નીકળ્યા

યુવકોને બચાવવા ડુમસ બીચ પર તૈનાત કોસ્ટ ગાર્ડ મેઘ ખલાસી તથા એક સ્થાનિક ગામવાસી યુવકે સાહસ કરી દરિયામાં ઝંપલાવ્યું હતું. જોકે દરિયામાં ભરતીના કારણે મોજાં અને પાણીનો પ્રવાહ ખૂબ જ તેજ હોવાથી બંને પણ મુશ્કેલીમાં મુકાયા હતા. સબ ફાયર ઓફિસર રોહિત ખલાસીના જણાવ્યા મુજબ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ કોસ્ટ ગાર્ડ મેઘ ખલાસી અને સ્થાનિક યુવક બંને ડૂબી રહેલા યુવકોને બચાવવા દરિયામાં ઉતર્યા હતા. બંનેએ ડૂબી રહેલા યુવકો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. જોકે દરિયામાં ભારે

અનુસંધાન પાના ૯ પર

## આગ લાગે છે કે લગાવાય છે ?

# મનપાના કચરા સ્ટેશનો પર શંકાસ્પદ આગ

*સુરતઃ આજે લિંબાયત સ્થિત મનપાના ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન તેમજ ડભોલી ખાતે ગાર્ડન વેસ્ટ ઠલવાય છે, તે મનપાના પ્લોટ પર આગ લાગતા મોટા પ્રમાણમાં કચરો સળગી ગયો છે. અગાઉ ખજોદમાં આગ લાગતા લાખો ટન કચરો સળગી ગયો હતો, તેમજ વરાછા-પુણા વિસ્તારમાં હોટ ફિક્સના ઢગલાઓમાં પણ બારોબાર આગ લગાવી દેવાતી હોવાનું બહાર આવ્યું હતું. આ ઘટનાઓ જોતાં ખજોદ બાદ હવે ટ્રાન્સફર સ્ટેશનો પર આગ લાગે તે શંકાસ્પદ છે. ખજોદમાં ખડકાયેલા લાખો ટન કચરાનું ભારણ હળવું કરવામાં નિષ્ફળ મનપાનું તંત્ર ટ્રાન્સફર સ્ટેશનો અને ગાર્ડન વેસ્ટ નાંખવા માટે નક્કી થયેલા પ્લોટ પર ભારણ હળવું કરવા આગના બનાવો સામે આંખ આડા કાન કરતું હોય તેવી પ્રતિતિ થઇ રહી છે.*

## લિંબાયતના ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનમાં હોટ ફિક્સ વેસ્ટમાં ભીષણ આગ

**5 કિલોમીટર** દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાયા, લોકો મોંઢા પર રૂમાલ-કપડાં બાંધી ઘર બહાર દોડ્યા

સુરતઃ લિંબાયત મીઠીખાડી વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટમાં અચાનક ભયાનક આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. પ્લાન્ટમાં મોટા જથ્થામાં એકત્ર કરાયેલો હોટ ફિક્સ વેસ્ટ, એટલે કે ટેક્સટાઇલ અને પ્લાસ્ટિક સંબંધિત અત્યંત જ્વલનશીલ કેમિકલયુક્ત કચરો હોવાને કારણે આગે ક્ષણભરમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ભયાનક હતી કે તેનો ગૂંગળાવી નાંખતો કાળો ડિબાંગ ધુમાડો આશરે ૫ કિલોમીટર દૂર સુધી આકાશમાં સ્પષ્ટપણે જોઈ શકાતો હતો. આગની ગંભીરતાને જોતાં જ ફાયર કંટ્રોલ રૂમ હરકતમાં આવ્યું હતું અને તાત્કાલિક ધોરણે અલગ-અલગ ત્રણ ફાયર સ્ટેશનો પરથી પથી વધુ ફાયર ફાઈટરો તથા ઉચ્ચ અધિકારીઓના કાફલાને ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યો હતો. ફાયર ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગને વધુ પ્રસરતી અટકાવવા

અનુસંધાન પાના ૯ પર

## ડભોલીમાં મનપાના પ્લોટમાં ગાર્ડન વેસ્ટના ઢગલામાં આગ લાગી

**આગની** ઊંચી જ્વાળાઓથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ

**ભીના** તેમજ સૂકા કચરાના મોટા ઢગલાં હોવાના કારણે ફાયર ટીમને ભારે મુશ્કેલી પડી



વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ઊંચી ઊંચી જ્વાળાઓ સાથે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાવા લાગ્યા

સુરતઃ ડભોલી ગામ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના ખુલ્લા પ્લોટમાં ગાર્ડન વેસ્ટના કચરાના ઢગલામાં રવિવારે સાંજે અચાનક આગ ભભૂકી ઊઠતાં ભારે દોડધામ મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ઊંચી ઊંચી જ્વાળાઓ સાથે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાવા લાગ્યા હતા. ખુલ્લા પ્લોટની આસપાસ રહેણાંક વિસ્તાર હોવાથી સ્થાનિક લોકોમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ ડભોલી ગામ ખાતે આવેલા એસએમસીના

અનુસંધાન પાના ૯ પર

# દોઢ વર્ષ પહેલાં ગભેણી રોડથી ગુમ થયેલી ૯ વર્ષની બાળકી ઈન્દોરથી મળી

સુરતઃ સચિન GIDC વિસ્તારમાંથી માર્ચ-૨૦૨૫માં ગુમ થયેલી નવ વર્ષની માસૂમ બાળકીને શોધવામાં સચિન GIDC પોલીસને મોટી સફળતા સાંપડી છે. સતત દોઢ વર્ષ સુધી ટેકનિકલ વર્કઆઉટ, સોશિયલ મીડિયા અને ૪૦૦થી વધુ CCTV કેમેરા તપાસ્યા બાદ આખરે પોલીસે બાળકીને મધ્યપ્રદેશના ઈન્દોર ખાતેથી સહીસલામત શોધી કાઢીને તેના પરિવાર સાથે મિલન કરાવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગભેણી રોડ, રાજકુમારની ચાલ ખાતે રહેતા અને મજૂરી કામ કરતાં વિકાસ અર્જુનસિંગ યાદવની ૯ વર્ષની બાળકી ગત તા. ૨૯/૦૩/૨૦૨૫ ના રોજ ઘર પાસેથી રમતા રમતા અચાનક ગુમ થઈ ગઈ હતી. બાળકીને શોધના પોલીસે ૧૦ અલગ-અલગ ટીમો કામે લાગી હતી. ૧૦૦થી વધુ વોટ્સએપ ગ્રુપો, બસ સ્ટેશન, હોસ્પિટલો, અનાથ આશ્રમો અને NGOમાં પણ તપાસ કરી હતી. તપાસ દરમિયાન ૪૦૦થી વધુ CCTV કેમેરા ચેક કરતાં બાળકી એકલી ચાલીને સચિન રેલવે સ્ટેશન

અનુસંધાન પાના ૯ પર

# યાર્નના ભાવના વિરોધમાં વિવિંગ ઉદ્યોગ બંધને મિશ્ર પ્રતિસાદ

**સુરતના** વિવર્સની મહામંથન સભામાં 1 ઓક્ટોબર સુધી યાર્નની નવી ખરીદી બંધ

સુરતઃ સુરતના વિવિંગ ઉદ્યોગમાં યાર્નના સતત વધતા ભાવ વચ્ચે સમગ્ર ટેકસટાઈલ વેલ્યુ ચેઈનમાં પેમેન્ટ સાઈકલ ખોરવાતા સુરતના વિવર્સની મહામંથન સભામાં 27મીએ રવિવારે એક દિવસ માટે સમગ્ર વિવિંગ ઉધોગ બંધ રાખવાના એલાનને મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. સુરતનો 40થી 50% વિવિંગ ઉદ્યોગ આજે બંધમાં જોડાયો હતો જ્યારે 50થી 60% પાવરલૂમ કારખાનાઓ ચાલુ રહ્યાં હતાં. સચિન જીઆઈડીસી, ડાયમંડ પાર્ક, લક્ષ્મી પાર્ક અને હોજીવાળા ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારોમાં વિવર્સ સંગઠનોને ધાર્યો પ્રતિસાદ મળ્યો ન હતો. પાંડેસરા, ભેસ્તાન, ઉન, ખટોદરા, કતારગામના 50% વિવર્સ બંધમાં જોડાયા હતા. જોકે કાર્ટેલ રચી વિવર્સનું શોષણ કરતાં સ્પિનર્સની શાન ઠેકાણે લાવવા 24 સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર સુધી યાર્નની નવી ખરીદી નહીં કરવાના નિર્ણયને વિવર્સ દ્વારા સારો પ્રતિસાદ મળ્યો છે. વિવર્સ જરૂરિયાત પૂરતી જ યાર્નની ખરીદી કરી રહ્યાં છે.

રેપિયર જેકાર્ડ વિવર્સ એસોસિએશનના પ્રમુખ સી.કે. માણિયા, એરજેટ એસોસિએશનના સેક્રેટરી ડો. હરેશ પટેલ અને એરજેટ વિવર્સ એસોસિએશનના પ્રમુખ મયુર ધોળિયાએ જણાવ્યું હતું કે, એક

અનુસંધાન પાના ૯ પર


અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 81539 99901
ગુજરાતમિત્ર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



॥ શ્રદ્ધાંજલિ ॥



સ્વ. ઈશ્વરભાઈ લાલુભાઈ પટેલ
જન્મ તા.૦૬/૦૧/૧૯૫૨
સ્વ.તા.૨૫/૦૯/૨૦૨૬

આપ વડીલ અમારા માટે ઈશ્વરીય આર્શીવાદ હતા અને હંમેશ રહેશો. પ્રભુ આપના આત્માને સદ્‌ગતિ આપે એવી અમારી પણ પ્રાર્થના.

લિ. રણજીતભાઈ ભાણાભાઈ ભગત
ભાનુબેન રણજીતભાઈ ભગત
બળવંતભાઈ ભાણાભાઈ પટેલ
પુષ્પાબેન બળવંતભાઈ પટેલ



રાણા સમાજ – અવસાન/ બેસણું



સ્વ. મુકેશચંદ્ર નવીનચંદ્ર રાણા
સ્વ. તા. ૨૬/૦૯/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે મુકેશચંદ્ર નવીનચંદ્ર રાણા નું તા.૨૬/૦૯/૨૦૨૬ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૮/૦૯/૨૦૨૬ સોમવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

શોકાતુર
ગં. સ્વ. વાસંતીબેન મુકેશચંદ્ર રાણા (પત્ની)
સંકેત મુકેશચંદ્ર રાણા (પુત્ર) રાગિણી સંકેત રાણા (પુત્રવધૂ)
કમલેશ નવીનચંદ્ર રાણા (ભાઈ) દક્ષાબેન કમલેશ રાણા(ભાભી)
વિમળાબેન મહેન્દ્ર પુષ્કરના (બેન) લતાબેન રજનીકાંતભાઈ પટેલ (બેન)
રવિ કમલેશ રાણા(ભત્રીજા) કાયરા સંકેત રાણા (પૌત્રી)

નિવાસસ્થાન : જી-૧૦૬ દીનદયાળ સોસાયટી, માઈલસ્ટોન સિરામિક દિપાંજલિ સોસાયટીની સામે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત.



પ્રથમ પુણ્યતિથિએ
શ્રધ્ધાંજલિ



સ્વ.નાનુભાઈ ચીમનભાઈ પટેલ
જન્મ તા.૦૭-૧૧-૧૯૪૮
સ્વ.તા.૨૮-૦૯-૨૦૨૫

તમારૂં જીવન અમારી વચ્ચે નથી રહ્યું પરંતુ તમારી સ્મૃતિ હર હંમેશા અમારા હૈયે કોતરાયેલી રહેશે. અમોને આજીવન આપની ખોટ અનુભવાશે, જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું, પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. ગં.સ્વ.ભાનુબેન નાનુભાઈ પટેલ
અલ્પેશભાઈ નાનુભાઈ પટેલ સારીકા અલ્પેશભાઈ પટેલ
પરભુભાઈ ચીમનભાઈ પટેલ સ્વ.રતિલાલ ચીમનભાઈ પટેલ
બાબુભાઈ બુધીયાભાઈ પટેલ મંગુભાઈ ચીમનભાઈ પટેલ
સમર્થ અલ્પેશભાઈ પટેલ
SAI SANSKRITI AUTOFUEL